# MEHTA HOUSING FINANCE LIMITED

**Regd. Off**: Plot No. 1A, Revenue Survey No 203, Savarkundla Road, Taveda, MahuvaBhavnagar, Gujarat - 364290

**CIN**: L15100GJ1993PLC020699 **M**: 98989 08652

**Email**: mehtahousingfinanceltd@gmail.com **Website**: www.mehtahousing.com

To, **Date: February 11, 2024**

**The Department of Corporate Services – CRD,**
BSE Limited
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street, Mumbai- 400001

**Ref.: Scrip Code: 511740**

**Subject: Newspaper Publication- Unaudited Standalone Financial Results for the Quarter and Nine Months ended December 31, 2023**

Dear Sir/Madam,

Pursuant to Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the extract of Unaudited Standalone Financial Results for the Quarter and Nine Months ended December 31, 2023, has been published in "Financial Express" and "Lokmitra" on February 11, 2024.

Please find enclosed herewith the clippings of the "Financial Express" and "Lokmitra" dated February 11, 2024 for your information and records.

Kindly take the above on record.

Thanking You,

Yours Faithfully,

**For Mehta Housing Finance Limited**

KHYATI DIPAK GANDHI
Digitally signed by KHYATI DIPAK GANDHI
Date: 2024.02.11 15:47:52 +05'30'

**Khyati Gandhi**
**Company Secretary & Compliance Officer**
**Membership No. A62422**

**Encl: a/a**

# પ્રધાનમંત્રી આજે મધ્યપ્રદેશની મુલાકાત લેશે

અમદાવાદ, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૪નાં રોજ મધ્યપ્રદેશની મુલાકાત લેશે. લગભગ ૧૨:૪૦ વાગ્યે તેઓ મધ્ય પ્રદેશના ઝાબુઆમાં લગભગ ૭૩૦૦ કરોડ રૂપિયાની અનેક વિકાસ પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે અને શિલાન્યાસ કરશે. અંત્યોદયનું વિઝન પ્રધાનમંત્રી દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલો માટે માર્ગદર્શક રહ્યું છે. મુખ્ય ધ્યાન કેન્દ્રિત ક્ષેત્રોમાંનું એક એ સુનિશ્ચિત કરવાનું રહ્યું છે કે વિકાસના લાભો આદિજાતિ સમુદાય સુધી પહોંચે, જેમાંના મોટા ભાગના લોકો આઝાદીના કેટલાક દાયકાઓ પછી પણ આ લાભો પ્રાપ્ત કરી શક્યા ન હતા. તેને અનુરૂપ પ્રધાનમંત્રી વિવિધ પહેલોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે, જેનો લાભ આ વિસ્તારમાં નોંધપાત્ર આદિવાસી સમુદાયને મળશે.

પ્રધાનમંત્રી આશરે બે લાખ મહિલા લાભાર્થીઓને આહર અનુદાન યોજના હેઠળ આહર અનુદાનનો માસિક હપ્તો વહેંચશે. આ યોજના હેઠળ મધ્યપ્રદેશની વિવિધ ખાસ પછાત જનજાતિની મહિલાઓને પૌષ્ટિક આહાર માટે દર મહિને ૧૫૦૦ રૂપિયા આપવામાં આવે છે. પ્રધાનમંત્રી સ્વિમિત્વ યોજનાનાં લાભાર્થીઓને ૧.૭૫ લાખ અધિકાર અભિલેખ (અધિકારોનો રેકોર્ડ)નું વિતરણ કરશે. આ લોકોને તેમની જમીનના અધિકાર માટે દસ્તાવેજી પુરાવા પ્રદાન કરશે. પ્રધાનમંત્રી પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના હેઠળ ૫૫૯ ગામડાઓ માટે ૫૫.૯ કરોડ રૂપિયા ટ્રાન્સફર પણ કરશે. આ રકમનો ઉપયોગ આંગણવાડી ભવનો, વાજબી ભાવની દુકાનો, આરોગ્ય કેન્દ્રો, શાળાઓમાં વધારાના ઓરડાઓ, આંતરિક રસ્તાઓ સહિત વિવિધ પ્રકારની બાંધકામ પ્રવૃત્તિઓ માટે કરવામાં આવશે.


પ્રધાનમંત્રી ઝાબુઆમાં 'સીએમ રાઈઝ સ્કૂલ'નો શિલાન્યાસ કરશે. આ શાળા વિદ્યાર્થીઓને સ્માર્ટ ક્લાસીસ, ઈ લાઈબ્રેરી વગેરે જેવી આધુનિક સુવિધાઓ પ્રદાન કરવા માટે ટેકનોલોજીને સંકલિત કરશે. પ્રધાનમંત્રી મધ્ય પ્રદેશમાં પાણીનાં પુરવઠાને મજબૂત કરશે અને પીવાનાં પાણીની જોગવાઈને મજબૂત કરશે એવી અનેક યોજનાઓનો શિલાન્યાસ કરશે. જે પરિયોજનાઓનો શિલાન્યાસ કરવામાં આવશે તેમાં 'તલાવડા પ્રોજેક્ટ' સામેલ છે, જે ધાર અને રતલામનાં એક હજારથી વધારે ગામડાંઓ માટે પીવાનાં પાણી પુરવઠાની યોજના છે. અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (અમૃત) ૨.૦ અંતર્ગત ૧૪ શહેરી પાણી પુરવઠા યોજનાઓનો સમાવેશ થાય છે, જેનાથી મધ્ય પ્રદેશના વિવિધ જિલ્લાઓમાં ૫૦,૦૦૦થી વધારે શહેરી કુટુંબોને લાભ થશે. પ્રધાનમંત્રી ઝાબુઆની ૫૦ ગ્રામ પંચાયતો માટે 'નલ જલ યોજના' પણ રાષ્ટ્રને સમર્પિત કરશે, જે આશરે ૧૧,૦૦૦ કુટુંબોને નળમાં પાણી પ્રદાન કરશે.

પ્રધાનમંત્રી આ કાર્યક્રમ દરમિયાન અનેક રેલ પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે અને શિલાન્યાસ કરશે. આમાં રતલામ રેલ્વે સ્ટેશન અને મેઘનાગર રેલ્વે સ્ટેશનના પુનર્વિકાસ માટે શિલાન્યાસનો સમાવેશ થાય છે. આ સ્ટેશનોને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ફરીથી વિકસિત કરવામાં આવશે. દેશને સમર્પિત કરવામાં આવેલી રેલવે પરિયોજનાઓમાં ઈન્દોર-દેવાસ-ઉજ્જૈન સી કેબિન રેલવે લાઈનને બમણી કરવા માટેની પરિયોજનાઓ સામેલ છે. ઈટારસી-ઉત્તર - યાર્ડ રિમોડેલિંગ સાથેનો સાઉથ ગ્રેડ વિભાજક; અને બરખેરા-બુડની-ઈટારસીને જોડતી ત્રીજી પંક્તિ. આ પ્રોજેક્ટ્સ રેલવે માળખાગત સુવિધાને મજબૂત કરવામાં મદદ કરશે તથા પેસેન્જર અને માલગાડીઓ એમ બંને માટે મુસાફરીનો સમય ઘટાડશે.

પ્રધાનમંત્રી મધ્યપ્રદેશમાં ૩૨૭૫ કરોડથી વધારે મૂલ્યનાં મૂલ્યનાં વિવિધ માર્ગ વિકાસલક્ષી પ્રોજેક્ટ દેશને અર્પણ કરશે, જેમાં રાષ્ટ્રીય રાજમાર્ગ – ૪૭નાં હરદા-બેતુલ (પેકેજ-૧)ને ૦.૦૦થી ૩૦.૦૦ કિલોમીટર (હરદા-તેમાગાંવ)નું ફોર-લેન કરવાનો સમાવેશ થાય છે. એનએચ-૭૫૨ડીનો ઉજ્જૈન દેવાસ વિભાગ; રાષ્ટ્રીય રાજમાર્ગ – ૪૭નાં ઈન્દોર-ગુજરાત સાંસદ સરહદી વિભાગનું ફોર-લેન (૧૬ કિમી) અને રાષ્ટ્રીય રાજમાર્ગ – ૪૭નું ચિચોલી-બેતુલ (પેકેજ III) હરદા-બેતુલનું ફોર-લેનિંગ; અને એનએચ-૫૫૨જીનો ઉજ્જૈન ઝાલાવાડ વિભાગ સામેલ છે. આ પ્રોજેક્ટ્સથી રોડ કનેક્ટિવિટીમાં સુધારો થશે અને આ વિસ્તારમાં આર્થિક વિકાસમાં પણ મદદ મળશે. ઉપરાંત પ્રધાનમંત્રી અન્ય વિકાસલક્ષી પહેલો જેવી કે વેસ્ટ ડમ્પસાઈટ ઉપાય, ઈલેક્ટ્રિક સબસ્ટેશન વગેરેનું લોકાર્પણ અને શિલાન્યાસ પણ કરશે.

# અમદાવાદ ડિવિઝનને એપ્રિલ ૨૦૨૩ થી જાન્યુઆરી ૨૦૨૪ સુધી વિવિધ ટિકિટ ચેકિંગ ઝુંબેશથી ૨૩.૦૨ કરોડ ની આવક પ્રાપ્ત કરી

અમદાવાદ, પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં તમામ કાયદેસરના યાત્રીઓને આરામદાયક યાત્રા અને વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા તથા રેલ ટ્રાફિકમાં અનધિકૃત યાત્રાને અટકાવવા માટે મેલ/એક્સપ્રેસ તેમજ પેસેન્જર ટ્રેનો અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં ટિકિટ વગરના/અનિયમિત યાત્રીઓને નિયંત્રિત કરવા માટે સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. રેલ ટ્રાફિકમાં અનધિકૃત યાત્રાને અટકાવવા માટે વરિષ્ઠ મંડળ વાણિજય પ્રબંધક, અમદાવાદ શ્રી પવન કુમાર સિંહના નેનૃત્વમાં વિવિધ પ્રકારની ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ વર્ષે, જાન્યુઆરી ૨૦૨૪ ના અંત સુધીમાં, અમદાવાદ ડિવિઝન દ્વારા વધુ ને વધુ ટિકિટ ચેકિંગ સ્ટાફની મદદથી જેમાં મહિલા ટિકિટ ચેકિંગ સ્કવોડ સહિત ના સહયોગ થી મણિનગર-નડિયાદ, અસારવા-






દહેગામ, મહેસાણા પાલનપુર, પાલનપુર-ગાંધીધામ સેક્શન અને અમદાવાદ સ્ટેશન પર વિવિધ પ્રકારની ટિકિટ ચકાસણી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ મોટા પાયે થયેલ ચેકિંગ દરમિયાન ૨૯૮૮૫ કેસ નોંધાયા હતા અને રૂ. ૨.૦૧ કરોડથી વધુની વસૂલાત કરવામાં આવી હતી જે ગયા વર્ષની સરખામણીમાં ૨૨.૭૮ ટકા વધુ છે. આ વર્ષે ડિવિઝન દ્વારા એપ્રિલ-૨૦૨૩ થી જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં ટિકિટ વગરના, અનિયમિત ટિકિટ, બુક કર્યા વગરના માલના કુલ ૩.૨૧ લાખ કેસ અને રૂ. ૨૩.૦૨ કરોડની આવક પ્રાપ્ત થઈ છે. તમામ યાત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ માત્ર યોગ્ય ટ્રેન ટિકિટ પર જ યાત્રા કરે, આનાથી તમે રેલવેની પ્રગતિમાં યોગદાન આપીને સન્માનપૂર્વક યાત્રા પણ કરી શકશો.

# બે વર્ષમાં અમદાવાદના ૨૯૭ બાળકો ગંભીર બીમારીના શિકાર

ગાંધીનગર, છેલ્લા બે વર્ષમાં ૨૯૭ જેટલા બાળકો ગંભીર બીમારીના શિકાર બન્યા હોવાની ચોંકાવનારી વિગત સામે આવી છે. ગુજરાત વિધાનસભામાં પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં રાજ્યના આરોગ્ય મંત્રીએ વિગતો જાહેર કરી છે. જેમાં અમદાવાદની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોની આરોગ્યની તપાસ દરમિયાન કેટલાક બાળકો હૃદય, કિડની અને કેન્સર જેવી ગંભીર બીમારીથી પીડાતા હોવાની વિગત સામે આવી છે. ગાંધીનગર ગુજરાત વિધાનસભા પ્રશ્નોત્તરી કાળ દરમિયાન અમદાવાદ જિલ્લાના બાળકોમાં ગંભીર બીમારી સામે આવી છે. જેમાં ૨૯૭ બાળકોમાં હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગો સામે આવ્યા છે. છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લાના ૩ લાખ ૬ હજાર ૯૭ બાળકોની આરોગ્ય તપાસમાં વિગત ખુલી છે. જેમાં ૧૭૪ બાળકોને હૃદય, ૭૫ બાળકોને કિડની અને ૪૮ બાળકોને કેન્સરની સારવાર અપાઈ છે. વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલના પ્રશ્નમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલએ લેખિત જવાબ રજૂ કર્યો છે. ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૩ લાખથી વધુ બાળકોની શાળા આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે. ૨૯૭ બાળકોની શાળા આરોગ્ય તપાસમાં ગંભીર બીમારીથી બાળકો પીડાતા હોવાની વિગતો સામે આવી. જે અંતર્ગત હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગ ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા નીચે મુજબની વ્યસ્થા કરવામાં આવી છે. હૃદયની બીમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ જયારે કીડનીની બિમારીવાળા બાળકોને ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ અને કેન્સરની બીમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદમાં સારવાર આપવામાં આવી છે. મહત્વનું છે કે, રાજ્ય સરકારનાં આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષે જિલ્લા કક્ષાએ પ્રાથમિક શાળામાં આરોગ્ય તપાસ કેમ્પ હાથ ધરવામાં આવે છે. માત્ર ગંભીર બીમારીથી પિડાતા બાળકો જ નહિ કુપોષણથી પીડાતા બાળકોને પણ પોષણ યુક્ત આહાર આપવાની યોજના સરકાર દ્વારા ચલાવવામાં આવી રહી છે.

# રાજ્યના ૨૯ જિલ્લામાં પાંચ લાખથી વધુ બાળકો કુપોષિત

ગાંધીનગર, વિકસિત ગુજરાતની વાતો વચ્ચે કુપોષિત બાળકોના ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. ગુજરાતના ૩૩ જિલ્લામાંથી ૨૯ જિલ્લાના પાંચ લાખ ૨૮ હજાર ૬૫૩ બાળકો કુપોષિત છે, જેમાં દાહોદ જિલ્લામાં સૌથી વધુ કુપોષિત બાળકો નોંધાયા છે. ચાર જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યામાં વધારો થયો છે. ગુજરાતમાં પહેલી ફેબ્રુઆરીથી વિધાનસભાનું સત્ર શરુ થયુ છે. ત્યારે આજે ગૃહમાં ગુજરાતમાં કુપોષિત બાળકો અંગેના આંકડા વિશે સવાલ કરવામાં આવ્યો હતો. જેના જવાબમાં મહિલા અને બાળ કલ્યાણ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ લેખિત જવાબ રજૂ કર્યો હતો. આ રજૂ કરાયેલા આંકડા ચોંકાવનારા છે. ગુજરાતના ૩૩ જિલ્લામાંથી ૨૯ જિલ્લાના ૫ લાખ ૨૮ હજાર ૬૫૩ બાળકો કુપોષિત છે. જેમાંથી અતિ ઓછા વજનવાળા એક લાખ ૧૮ હજાર ૧૦૪ કુપોષિત બાળકો છે.

રાજ્યમાં સૌથી વધુ ૫૧ હજાર ૩૨૧ કુપોષિત બાળકો દાહોદમાં નોંધાયા છે જયારે નવસારીમાં ૧૫૪૮ કુપોષિત બાળકો નોંધાયા છે જે રાજયમાં સૌથી ઓછા નોંધાયા છે. રાજયના ચાર જિલ્લામાં કુપોષણના ૧૬૦૬૯ બાળકો વધ્યા છે. આ ઉપરાંત અમદાવાદમાં ૩૫૧૬ કુપોષિત બાળકોનો વધારો થયો છે. ગૃહમાં રજૂ કરાયેલા આંકડાઓમાં ૨૯ જિલ્લામાંથી ૨૪ જિલ્લામાં કુપોષણના દરમાં સુધારો જોવા મળ્યો છે, જેમાં રાજયમાં ૯૭ હજાર ૮૪૦ બાળકો કુપોષણમાંથી બહાર આવ્યા છે. ઉલ્લેખનીય છે કે મહિલા અને બાળ કલ્યાણ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ વિધાનસભા ગૃહમાં લેખિત જવાબ આપ્યો છે.

# કચ્છમાં કચ્છી દાબેલી ખાવા લોકોની અસંખ્ય ભીડ લાગે છે

કચ્છ,

દરેક પ્રદેશની એક પોતાની આગવી ખાસિયત અને વાનગી ઓળખાતી હોય છે. કચ્છમાં અનેક ફાસ્ટ ફૂડ વખણાય છે, જેમાંથી સૌથી વધારે પ્રખ્યાત છે 'કચ્છી દાબેલી'. કચ્છની મુલાકાતે આવતા પ્રવાસીઓ આ ફાસ્ટ ફૂડને જરૂરથી ટેસ્ટ કરે છે. દેશના કોઈ પણ ખૂણે ફાસ્ટ ફૂડ રસીકોમાં પણ દાબેલી તો વખણાય જ છે. દાબેલીની સૌપ્રથમ શરૂઆત કચ્છના માંડવી તાલુકામાં વર્ષ ૧૯૬૦માં થઈ હતી. માંડવીના ગાભાભાઈની દાબેલી શરૂઆતથી હજી સુધી પણ વખણાય છે. ત્યારે તેમણે ૬ પૈસામાં દાબેલી વેચવાનું શરૂ કર્યું હતું અને આજે આ તેઓ ૨૦ થી ૨૫ રૂપિયામાં વેચે છે. કચ્છી ફૂડ અને ફરસાણને દેશ-વિદેશી પ્રવાસીઓને ઘેલું લગાડ્યું છે. માંડવીથી શરૂઆત થઈને અંજાર, ભુજ સહિત ગાંધીધામ દરેક જગ્યાએ દાબેલી મળે છે અને ખાસ સ્વાદ રસિકો એક વખત જો કચ્છી વ્યંજનને ચાખે તો તેનો ટેસ્ટ જરૂરથી દાઢે વળગી જાય. સામાન્ય રીતે કચ્છનું નામ પડે એટલે કચ્છી દાબેલી અને ડબલ રોટી અચૂકથી યાદ આવી જ જાય. આ દાબેલીનું જન્મ બંદરીય નગર માંડવીમાં થયું હતું. કચ્છીઓનો જગવિખ્યાત બનેલા આ ફાસ્ટ ફૂડની લારીઓમાં દરરોજ સાંજે લોકોની ભીડ જોવા મળે છે. શરૂઆતમાં લંબચોરસ એ વાત ચોક્કસ આકારના પાઉંમાં બાફેલા બટાકાનું શાક, તેમાં લસણની ચટણી અને આમલીની ખાટી ચટણી ભરીને તેનો આવિષ્કાર થયો હતો અને આજે કચ્છના ગામેગામ અને દરેક શહેરમાં દાબેલીની લારીઓ નજરે પડે છે. ભુજમાં છેલ્લા ૩૨ વર્ષથી હોસ્પિટલ રોડ પર 'બિલકુલ દાબેલી'ના નામે ધીરુભાઈ ચંદેની લારી આવેલી છે, જ્યાં લોકોને અસંખ્ય ભીડ ફક્ત રવિવારે નહીં, પરંતુ દરરોજ જોવા મળે છે. કચ્છની ફેમસ દાબેલી ઘરે પણ બનાવી શકાય છે. આ દાબેલીનો મસાલો બજારમાં સહેલાઈથી મળી જાય છે. બટાકાને બાફીને તેમાં આ દાબેલીના મસાલાને ઉમેરવામાં આવે છે અને પાઉંને વચ્ચેથી કાપીને તેમાં મસાલો ઉમેરવામાં આવે છે. તથા તેમાં તીખો અને મીઠો રસ સ્વાદ અનુસાર ઉમેરી, થોડા દાણા અને સેવ નાખીને વધુ ટેસ્ટફૂલ બનાવી શકાય છે. દાબેલીમાં અલગ અલગ વસ્તુનું મિશ્રણ કરવામાં આવતું હોવાથી તેનો સ્વાદ ખૂબ જ ચટપટું લાગે છે. બાળકોથી લઈને સૌને ભાવતો નાસ્તો છે અને ગુજરાતમાં ખૂબ જ પ્રખ્યાત સ્ટ્રીટ ફૂડ છે.

# વેલેન્ટાઈન ડે પર બનાસકાંઠાના બજારમાં પ્રેમીઓ કરી રહ્યા છે ગિફ્ટની માંગ

બનાસકાંઠા, વેલેન્ટાઈન ડે ૧૪મી ફેબ્રુઆરીએ મનાવવામાં આવે છે. વેલેન્ટાઈન ડે પ્રેમ કરનારાઓ માટે ખૂબ જ ખાસ હોય છે. કોઈ પોતાના લવ પાર્ટનર માટે આ દિવસને ખાસ બનાવતા હોય છે. તેમજ ઘણા લોકો અલગ ગિફ્ટ આપી પોતાની લાગણી વ્યક્ત કરે છે. ત્યારે બનાસકાંઠામાં આ વર્ષે વેલેન્ટાઈન ડે પર માર્કેટમાં કઈ ખાસ નવી વસ્તુઓ આવી છે.તેમજ લોકોમાં કેવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વેલેન્ટાઈન વીક ૭ ફેબ્રુઆરીથી ૧૪ ફેબ્રુઆરી સુધી ઉજવવામાં આવે છે. ફેબ્રુઆરીમાં આવતું અઠવાડિયું પ્રેમીઓ માટે ખાસ હોય છે. આ વીકમાં દરરોજ એક ખાસ દિવસ રીતે ઉજવવામાં આવતો હોય છે. ત્યારે બનાસકાંઠામાં પણ વેલેન્ટાઈન ડે ને લઈ માર્કેટમાં અલગ અલગ અવનવી ડિઝાઈન વાળી ગિફ્ટઓ પણ આવી ગઈ છે. લોકો પણ વેલેન્ટાઈન ડે પર લવ પાર્ટનર માટે ગિફ્ટ આર્ટિકલમાં અલગ અલગ અવનવી ગિફ્ટ લેવા આવી રહ્યા છે. વેલેન્ટાઈન ડે પર લવ પાર્ટનરો ૭ તારીખથી લઈ ૧૪ તારીખ સુધી અલગ અલગ ડે પર અલગ અલગ લવ પાર્ટનરને ગિફ્ટ આપી અનોખી રીતે વેલેન્ટાઈન ડેની ઉજવણી કરતા હોય છે.

# પાયલટ અને કો-પાયલટને જમવાનું અલગ-અલગ આપવામાં આવે છે

વિમાનમાં મુસાફરી કરતી વખતે તમે જોયું જ હશે કે પ્લેનમાં બે પાયલટ હોય છે. જ્યારે ફ્લાઈટ લાંબા અંતરની હોય, ત્યારે મુસાફરોની જેમ, પાયલટ પણ ફ્લાઈટમાં જ તેમનું લંચ અને ડિનર લે છે. પરંતુ શું તમે જાણો છો કે પાયલટ અને કો-પાયલટ બંનેને એક જ પ્રકારનો ખોરાક નથી આપવામાં આવતો. આજે અમે તમને તેની પાછળનું કારણ જણાવીશું, જે ખૂબ જ રસપ્રદ છે. ફ્લાઈટમાં પાયલટ અને કો-પાયલટને અલગ-અલગ ભોજન આપવામાં આવે છે જેથી કરીને જો કોઈના ખાવામાં કોઈ ગડબડી થાય તો, તેવી સ્થિતીમાં બંને પાયલટ બીમાર ન પડે. સાદી ભાષામાં ફૂડ પોઈઝનિંગથી બચવા માટે અલગથી ખોરાક આપવામાં આવે છે. કારણકે ફ્લાઈટમાં ઘણા મુસાફરો હોય છે અને તેમની સુરક્ષાની જવાબદારી પાયલટની હોય છે. અલગ ભોજન આપવાનો હેતુ એ છે કે જો ફૂડ પોઈઝનિંગ થાય તો બેમાંથી એક પાયલટ સુરક્ષિત રહે. મળતી માહિતી મુજબ વર્ષ ૧૯૮૪માં લંડન અને ન્યૂયોર્ક વચ્ચે કૉનકૉડ સુપસૉનિક ફ્લાઈટ પર એક આવી ઘટના બની હતી, જેનાથી તમામ લોકો ચોંકી ગયા હતાં. હકીકતમાં વિમાનમાં મુસાફરી કરનાર ૧૨૦ યાત્રી અને ક્રૂના તમામ સભ્યોને ગંદુ ખાવાના કારણે ફૂડ પોઈઝનિંગ થઈ ગઈ હતી. ત્યારબાદ તેને તાવ, ઉલ્ટી અને ઝાડા થઈ ગયા હતાં. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, ફૂડ પોઈઝનિંગને કારણે એક વ્યક્તિનું મોત પણ થયું હતું. આ સમયગાળા દરમિયાન, પાયલટને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો અને ઘણી મુશ્કેલી સાથે ફ્લાઈટનું લેન્ડિંગ કરવું પડ્યું હતું. ૨૦૧૨માં, સીએનએન દ્વારા કરવામાં આવેલા કોરિયન પાયલટના એક ઈન્ટરવ્યુમાં પણ આ વાતનો ખુલાસો કર્યો હતો કે પાયલટને ફૂડ પોઈઝનિંગથી બચાવવા માટે અલગ-અલગ ખાવાનું આપવામાં આવે છે. સામાન્ય રીતે પાયલટને ફર્સ્ટ ક્લાસનું ખાવાનું આપવામાં આવે છે, તો કો-પાયલટને બિઝનેસ ક્લાસનું ખાવાનું આપવામાં આવે છે. એટલું જ નહીં ઘણાં એરલાઈન્સ કૉકપિટના ક્રૂ માટે સંપૂર્ણ રીતે અલગ ખાવાનું બનાવે છે. પાયલટને અલગથી સાદું ખાવાનું એરલાઈન્સ તરફથી આપવામાં આવે છે. સાદી ભાષામાં ફૂડ પોઈઝનિંગથી બચવા માટે અલગથી ખોરાક આપવામાં આવે છે. કારણકે ફ્લાઈટમાં ઘણા મુસાફરો હોય છે અને તેમની સુરક્ષાની જવાબદારી પાયલટની હોય છે.


## રાજ રેયોન ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ

**રજી.ઓફિસ :** સર્વે નં.૧૭૭/૧/૩, ગામ–સુરંગી, જીલ્લો સિલવાસા, દાદરા અને નગર હવેલી(યુટી)–૩૯૬૨૩૦.
**ટેલિ.નં. :** ૯૧–૨૨–૪૦૩૪૩૪૦૦ **ઈ–મેલ :** investors@rajrayon.com **વેબસાઈટ :** www.rajrayon.com
CIN : L17120DN1993PLC000368

**ડિસેમ્બર ૩૧, ૨૦૨૩ના રોજ પુરા થતાં વર્ષના ત્રિમાસિક અને નવમાસિક ઓડિટ થયા વગરનો નાણાંકિય અહેવાલનો સારાંશ**

(રૂા. લાખમાં) (રૂા.લાખમાં શેરદીઠ આવક સિવાય)

| ક્રમ નં. | વિગતો | ત્રણમાસ ના અંતે | | | નવમાસના અંતે | | વર્ષના અંતે |
|---|---|---|---|---|---|---|---|
| | | ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૩ (અન ઓડિટેડ) | ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૩ (અન ઓડિટેડ) | ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨ (અન ઓડિટેડ) | ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૩ (અન ઓડિટેડ) | ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨ (અન ઓડિટેડ) | ૩૧મી માર્ચ, ૨૦૨૩ (ઓડિટેડ) |
| 1 | કામકાજમાંથી કુલ આવક (નેટ) | 19,599.49 | 18,038.78 | 2,629.45 | 53227.60 | 2,729.89 | 13,766.79 |
| 2 | નફો/(નુકશાન) (ટેક્સ અને અપવાદી પ્રવૃત્તિઓ પહેલાં) | 544.51 | 380.53 | (288.89) | 950.34 | (951.10) | (1253.66) |
| 3 | નફો/(નુકશાન) ટેક્સ પહેલાં (અપવાદી પ્રવૃત્તિઓ બાદ) | 544.51 | 380.53 | (288.89) | 950.34 | (951.10) | (1253.66) |
| 4 | નફો/(નુકશાન) ટેક્સ બાદ અને (અપવાદી પ્રવૃતિઓ બાદ) | 204.84 | 384.21 | (288.89) | 618.33 | (951.10) | (1237.68) |
| 5 | કુલ વ્યાપક આવક(ટેક્ષ પછી)ના નફો/નુકસાનનો આમાં સમાવેશ થાય છે અને અન્ય વ્યાપક આવક (ટેક્ષ બાદ) | 204.74 | 384.10 | (288.89) | 618.03 5,560.82 | (951.10) 5,560.82 | (1237.68) 5,560.82 |
| 6 | ઈક્વિટી શેર મૂડી | 5,560.82 | 5,560.82 | 5,560.82 | (બિન વાર્ષિક) | (બિન વાર્ષિક) | 2353.66 |
| 7 | અન્ય ઈક્વિટી | | | | | | (વાર્ષિક) |
| 8 | શેર દિઠ કમાણી(રૂા.૧દરેક શેરની ફેસ વેલ્યુ) (એ) મૂળ (બી)મંદ | (બિન વાર્ષિક) 0.04 0.03 | (બિન વાર્ષિક) 0.07 0.05 | (બિન વાર્ષિક) (0.04) (0.03) | 0.11 0.08 | 0.17 0.12 | (0.22) (0.15) |

નોંધ : ૧.એ. તા.૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ મળેલી બોર્ડ ઓફ મિટિંગમાં ડિરેક્ટરો દ્વારા ઉપર મુજબનું પરિણામ ઓડિટ કમિટી દ્વારા તપાસવામાં આવેલ છે.
બી. ઉપર મુજબનું પરિણામ કંપનીઝ (ભારતીય એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડસ)અધિનિયમ, ૨૦૧૫ (આઈએનડી એએસ)અનુસાર તૈયાર કરવામાં આવેલ છે. કંપનીઝ એક્ટ, ૨૦૧૩ના સેક્શન ૧૩૩ મુજબ તથા અન્ય માન્ય એકાઉન્ટીંગ પ્રેક્ટિસીસ અને ૨૦૧૬ના સુધારાઓ મુજબ સુસંગત પરિણામ તૈયાર કરવામાં આવેલ છે. સી. સેબી (લિસ્ટિંગ અને અન્ય ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટસ)અધિનિયમ ૨૦૧૫ના કાયદા નં.૩૩ હેઠળ કંપનીના ઓડિટરોએ જરૂરી લિમિટેડ રિવ્યુ પૂર્ણ કરેલ છે અને તેમણે ફેરફાર કરેલ નિર્ણય કે સાર આપેલ છે. ૨. ઉપર દર્શાવેલ પુરા થતાં નવમાસિક અને ત્રિમાસિક સમયનો સંપૂર્ણ નાણાંકિય અહેવાલ સ્ટોક એક્ષચેન્જીસની વેબસાઈટ www.bseindia.com તથા www.nseindia.com કંપનીની વેબસાઈટ www.rajrayon.com ઉપર ઉપલબ્ધ છે.

સ્થળ : મુંબઈ
તારીખ : ફેબ્રુઆરી ૧૦, ૨૦૨૪

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ માટે અને વતી,
રાજ રેયોન ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ સહીં
શ્રી રાજકુમાર સત્યનારાયણ અગ્રવાલ
મેનેજિંગ ડાયરેક્ટર


# Prama India અને ભારત સરકારની સંસ્થા C-DAC એ થર્મલ કેમેરા ટેક્નોલોજી માટે ભાગીદારીની જાહેરાત કરી




અમદાવાદ, પ્રમા ઈન્ડિયા અને ભારત સરકારના C-DAC (MeitY) એ થર્મલ કેમેરા માટે 'ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી' (TOT) કરાર દ્વારા તકનીકી ભાગીદારીની જાહેરાત કરી. આ ભાગીદારી પ્રમા ઈન્ડિયાને ટેક્નોલોજી પાર્ટનર તરીકે નવીન ઉકેલો બનાવવા, માર્કેટ કરવા અને સમર્થન આપવા સક્ષમ બનાવે છે.

પ્રમા ઈન્ડિયાએ તાજેતરમાં થર્મલ કેમેરા ટેક્નોલોજી માટે સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કોમ્પ્યુટિંગ (C-DAC), ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY), ભારત સરકાર સાથે ToT (ટેક્નોલોજી ટ્રાન્સફર) કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ મહત્વપૂર્ણ પહેલ સાથે, પ્રમા ઈન્ડિયાએ ભારતીય સુરક્ષા ઉદ્યોગમાં એક નવો બેન્ચમાર્ક બનાવ્યો છે. પ્રમા ઈન્ડિયાની આ નવી પહેલ R&D ને પ્રોત્સાહન આપશે અને નવીન થર્મલ ટેક્નોલોજી એપ્લિકેશન વિકસાવવામાં મદદ કરશે. સી ડેક દ્વારા દિલ્લી ખાતે આયોજિત 'ડિજિટલ ઈન્ડિયા ફ્યુચરલેબ્સ' લોન્ચ ઈવેન્ટમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા અને જલ શક્તિ, ભારત સરકારના રાજ્ય મંત્રી માનનીય શ્રી રાજીવ ચંદ્રશેખરની હાજરીમાં આ તકનીકી ભાગીદારીની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. શ્રી રાજીવ ચંદ્રશેખરે "ડિજિટલ ઈન્ડિયા ફ્યુચરલેબ્સ" લોન્ચ કરી છે અને 'ડિજિટલ ઈન્ડિયા ફ્યુચરલેબ્સ સમિટ ૨૦૨૪'માં મુખ્ય ભાષણ આપ્યું જે 'ડિજિટલ ઈન્ડિયા ફ્યુચરલેબ્સ દ્વારા નેક્સ્ટ જનરેશન ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઈનને ઉત્પ્રેરિત કરવા' પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ઉત્તમ કોંપ્યુટીન્ગ ના વિકાસ કેન્દ્ર (સીડેક ) આઈટી, ઈલેક્ટ્રોનિક્સ અને સંબંધિત ક્ષેત્રો માં R&D કરવા માટે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY) ની અગ્રણી R&D સંસ્થા છે. –

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ 1st ENDOCON 2024 નું આયોજન કર્યું

Marengo CIMS Hospital

અમદાવાદ, મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ દ્વારા પ્રથમ ENDOCON યોજાયી, જેનું આયોજન ન્યુરોસર્જરી અને સ્પાઈન સર્જરી ડિપાર્ટમેન્ટ, મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ અને GMERS, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું. ગુજરાતના ન્યુરો અને સ્પાઈન સર્જનોની સૌથી મોટી અને નિષ્ણાત ટીમ આ ડિપાર્ટમેન્ટનું નેતૃત્વ, ડૉ વાય.સી.શાહ, ડૉ તુષાર શાહ અને ડૉ ટી.કે.બી. ગણપતિ કરે છે. ટીમને ડૉ પરિમલ ત્રિપાઠી, ડૉ દેવેન ઝવેરી, ડૉ સંદિપ શાહ, ડૉ જયુન શાહ, ડૉ ચિરાગ સોલંકી, ડૉ કવચ પટેલ, ડૉ પુષ્પેન્દ્ર પાટીલનો પણ સહયોગ છે. શહેરમાં આ પ્રકારની ઈવેન્ટને મૈરિંગો એશિયા હેલ્થકેરના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ, ગેસ્ટ ઓફ ઓનર ડૉ રાજીવ સિંઘલ દ્વારા બિરદાવવામાં આવ્યું. મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદને સળંગ ત્રણ જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ (JCI) માન્યતા અને પ્રમાણપત્રો પ્રાપ્ત થયા છે અને આરોગ્યસંભાળ ગુણવત્તા અને દર્દીની સલામતીમાં વૈશ્વિક લીડર તરીકે ઓળખાય છે. હોસ્પિટલ જાણે છે કે સ્પાઈન સર્જરીનું લેન્ડસ્કેપ દર્દીઓ અને સર્જનો બંને માટે ઝડપથી વિકસિત થઈ રહ્યું છે, જેમાં મિનિમલ ઈન્વેસિવ ઈન્ટરવેનશન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ઓપ્ટિકલ અને જટિલ સર્જિકલ સાધનોમાં પ્રગતિ હોવા છતાં, ખાસ કરીને નાના શહેરો અને નગરોમાં સલાહકારો માટે શૈક્ષણિક તકોનો અભાવ રહે છે. (૧૮-૨)


## મહેતા હાઉસિંગ ફાયનાન્સ લી.

રજીસ્ટર્ડ ઓફિસ : પ્લોટ નં. ૧ એ, રેવેન્યુ સર્વે નં. ૨૦૩, સાવરકુંડલા રોડ, તાવેડા મહુવા, ભાવનગર, ગુજરાત- ૩૬૪૨૯૦
સીનઃ L15100GJ1993PLC020699 મો. ૯૮૯૮૯ ૦૮૬૫૨ ઈમેલ આઈડી:mehtahousingfinanceltd@gmail.com
વેબસાઈટ : www.mehtahousing.com

**૩૧મી ડિસેમ્બર, ૨૦૨૩ ના ત્રેમાસિક અને નવમાસિક અંતેના નાણાંકીય પરિણામનો ઉતારો** (રૂા. લાખમાં)

| ક્ર. નં. | વિગતો | ત્રૈમાસિક અંતે ૩૧.૧૨.૨૦૨૩ (અનઓડિટેડ) | ત્રૈમાસિક અંતે ૩૦.૦૯.૨૦૨૩ (અનઓડિટેડ) | ત્રૈમાસિક અંતે ૩૧.૧૨.૨૦૨૨ (અનઓડિટેડ) | નવમાસિક અંતે ૩૧.૧૨.૨૦૨૩ (અનઓડિટેડ) | નવમાસિક અંતે ૩૧.૧૨.૨૦૨૨ (અનઓડિટેડ) | નાણાકિય વર્ષના અંતે ૩૧.૦૩.૨૦૨૩ (ઓડિટેડ) |
|---|---|---|---|---|---|---|---|
| 1. | કામકાજમાંથી કુલ આવક | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| 2. | ચોખ્ખો નફો / (નુકશાન) (ટેક્સ પહેલાની, અસામાન્ય અને / અથવા વિશિષ્ટ પ્રકારની આઈટમો) | (4.46) | (3.81) | (4.61) | (14.42) | (14.81) | (19.43) |
| 3. | ચોખ્ખો નફો / (નુકશાન) (ટેક્સ પહેલાની, અસામાન્ય અને / અથવા વિશિષ્ટ પ્રકારની આઈટમા) | (4.46) | (3.81) | (4.61) | (14.42) | (14.81) | (19.43) |
| 4. | ચોખ્ખો નફો / (નુકશાન) (ટેક્સ પહેલાની, અસામાન્ય અને / અથવા વિશિષ્ટ પ્રકારની આઈટમો) | (4.46) | (3.81) | (4.61) | (14.42) | (14.81) | (19.43) |
| 5. | નફો / (નુકશાન) ટેક્સ પછી અને બીજી સાંયોગિક આવક અથવા અસાધારણ આય (ટેક્સ પછી) | (4.46) | (3.81) | (4.61) | (14.42) | (14.81) | (19.43) |
| 6. | ઈક્વિટી શેર મુડી | 308.20 | 308.20 | 308.20 | 308.20 | 308.20 | 308.20 |
| 7. | શેરદીઠ કમાણી (ચાલ અને બંધકામગીરી માટે) (રૂા. ૧૦/- પ્રત્યેક)(જાહેર નથી કરેલ) : રૂા. માં | | | | | | |
| | (૧) બેઝિક | (0.14) | (0.12) | (0.15) | (0.47) | (0.48) | (0.63) |
| | (૨) ડાલ્યુટેડ | (0.14) | (0.12) | (0.15) | (0.47) | (0.48) | (0.63) |

**નોંધ :**અહી ઉપરોક્ત ઉતારાની વિગત ફાર્મેટ ના અન-ઓડિટેડ નાણાંકીય પરિણામે તે સ્ટોક એક્ષચેન્જમાં સેબીની કલમ ૩૩ (લિસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડિસક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫. આ પરિણામ અને ઓડિટરનો મર્યાદિત અહેવાલ સાથે બીએસઈ લીમીટેડ ( બીએસઈ ની વેબસાઈટ (URL www.bseindia.com) અને કંપની ની વેબસાઈટ (URL www.mehtahousing.com)ઉપર પણ ઉપલબ્ધ છે. આ અન-ઓડિટેડ નાંણાકીય પરિણામો ઓડીટ કમીટી મારફતે તપાસવામાં આવ્યા છે અને તા.૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ મળેલી બોર્ડ ઓફ ડાયરેકટરની બેઠકમાં તપાસવામાં આવ્યા હતા.

મહેતા હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ વતી
સહી/-
વિશાલ રૂપારેલ
ચેરમેન એન્ડ મેનેજીંગ ડિરેક્ટર
ડીન: ૦૦૦૭૭૭૬૭

તારીખ :૧૦.૦૨.૨૦૨૪
સ્થળ : અમદાવાદ


Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt